### જંતરમંતર મેદાનમાં મોડી રાત્રિએ માથાકૂટ થઈ

# દેશનાં પાટનગરમાં પોલીસ અને પહેલવાનો વચ્ચે દંગલ

**પોલીસે નશાની હાલતમાં મેડલ વિજેતા પહેલવાન સાથે ગેરવર્તન કર્યાનો આક્ષેપ**

**રેસલર વિનેશ ફોગાટે તમામ પહેલવાનોને ન્યાય ન મળે તો મેડલ પાછા આપવાની જાહેરાત કરી**

**દેશનું ગૌરવ ગણાતી દીકરીઓ સાથે ગેરવર્તન થતાં ''ખાપ'' પંચાયતોમાં નારાજગી ઉભી થઈ**

**નવી દિલ્હીમાં પુનઃ ખેડૂત આંદોલન જેવું આંદોલન શરૂ થાય તેવા એંધાણ જોવા મળે છે**



નવી દિલ્હી, તા. ૪

દેશનાં પાટનગરમાં મોડી રાત્રિએ પોલીસ અને પહેલવાનો વચ્ચે દંગલ થતાં સમગ્ર દેશમાં ભારે ચકચાર મચી ગઈ છે. રેસલર વિનેશ ફોગાટે તમામ પહેલવાનો પોતાના મળેલ મેડલ પાછા આપશે તેવી જાહેરાત કરી છે.

દેશનું ગૌરવ વધારનાર વિનેશ ફોગાટ, સાક્ષી મલિક નામની દેશની દીકરીને રાત્રિનાં સમયે રડવાનો વારો આવ્યો અને જેના પર ગંભીર આક્ષેપ છે તેવા સાંસદ બ્રીજભુષણસિંહ ખુલ્લેઆમ મીડિયામાં ઈન્ટરવ્યું આપીને તેઓ નિર્દોષ હોવાનો દાવો કરી રહ્યા છે અને દેશની સરકાર આ પ્રકરણે મૌન ધારણ કરીને બેઠી હોય તેવું ચિત્ર સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

એક સમયે ખેડૂત આંદોલનની અવગણનાં કરનાર સરકાર પીછેહઠ કરવા મજબુર બની હતી. કારણ કે એક સમયે ખેડૂત નેતા રાકેશ ટીકૈતની આંખમાં આવેલ આંસુએ આંદોલનને નવો વળાંક આપેલ અને તેવી ઘટનાનું પુનરાવર્તન થયું છે અને દેશનું ગૌરવ વધારનાર દીકરી સાથે અમુક નશો કરેલ પોલીસકર્મીએ ગેરવર્તન કરતા અને તેની આંખમાં આંસુ આવતા આ આંદોલન નવું સ્વરૂપ ધારણ કરે તો નવાઈ પામવા જેવું નહી રહે.

આજે દેશને ગૌરવ અપાવનાર વિનેશ યોગાટ, સાક્ષી મલિકે પત્રકારો સમક્ષ ન્યાય ન મળે ત્યાં સુધી આંદોલન શરૂ રાખવાની જાહેરાત કરીને સરકારની ચિંતા વધારી દીધી છે.

### અસહ્ય ઉકળાટ બાદ દે ધનાધન

## બાબરામાં અર્ધાથી એક ઈંચ કમોસમી વરસાદથી ચિંતા વધી

**ચમારડી, ખાખરીયા સહિતનાં ગામોમાં પણ વરસાદ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪


બાબરામાં બપોર બાદ જોરદાર વરસાદ પડતાં ભારે ઉકળાટ અને બફારા વાતાવરણ વચ્ચે જોરદાર વરસાદ પડતાં વાતાવરણ ઠંડક પ્રસરી ગઈ હતી. બાબરા શહેર અને તાલુકામાં છેલ્લા ચાર પાંચ દિવસથી સતત કમોસમી વરસાદ પડતાં ઉનાળ પાક તલ, શીંગ, બાજરી, સહિતના પાકોને આ કમોસમી વરસાદના કારણે ભારે નુકસાન થવાની ભીતિ ખેડૂતો ને સતાવી રહી છે.

બાબરા સહિત ગ્રામ્ય વિસ્તારોમાંમાં ગત મોડી રાતે પણ જોરદાર વરસાદ પડયો હતો અને આજે સમી સાંજે પણ શહેરમાં અને તાલુકામાં અડધાથી એક ઈંચ વરસાદ પડી ગયો હતો. તાલુકાના ચમારડી, જામબરવાળા, દરેડ, ખાખરીયા, લુણકી, પીરખીજડિયા, ભિલા ભીલડી, સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

### માતાજીનાં દર્શન કરી બાઈકમાં પરત ફરતા માર્ગમાં શ્વાન આડુ ઉતરતા

## સાવરકુંડલાનાં નાની વડાળ ગામ નજીક મુંબઈનાં મિત રાજેશભાઈ મહેતા નામનાં આશાસ્પદ યુવકનું મોત

**બાઈક પરનો કાબુ ગુમાવતા ધડાકાભેર નીચે પડતા મોત નિપજયું**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા ખાતે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલ મુંબઈના બોરીવલીના યુવકનું વાહન અકસ્માતમાં મૃત્યુ થતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી છે. એકના એક પુત્રના અવસાનથી મહેતા પરિવાર પર વજઘાત પડયો છે.

મુંબઈના બોરીવલી ખાતે રહેતા મિત રાજેશભાઈ મહેતા ઉંમર વર્ષ ૨૪ સાવરકુંડલા ખાતે લગ્ન પ્રસંગનું કામ પૂર્ણ કરીને નાની વડાળ ખાતે માતાજીના મંદિરે દર્શન કરવા ગયેલ. દર્શન કરીને પરત આવતા ટુ વ્હીલર બાઈક આડે ાન આડુ ઉતરતા ાનને બચાવવા ટુ વ્હીલ બાઈક રોડની સાઈડમાં નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયેલો હતો. જેમાં મિત મહેતાને ગંભીર ઈજાઓ થયેલ જયારે સાથે રહેલા નિખિલભાઈને પણ ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા સાવરકુંડલાનાં સરકારી દવાખાને ખસેડવામાં આવેલા જયાં સારવાર દરમિયાન મિત મહેતાનું મૃત્યુ થયેલ. બોરીવલીના રમેશભાઈ મહેતાના એકનાં એક પુત્ર મિત મહેતાના અવસાનનાં સમાચાર મળતા પરિવાર શોકની લાગણીમાં ગરકાવ થઈ ગયેલ હતો.

### સગીરાને ભગાવી જઈ દુષ્કર્મ કરવાનાં કેસમાં

## લાઠીનાં દુધાળા ગામનાં આરોપી સુરેશ શીંગાળાને ૧૦ વર્ષની સજાનો હુકમ

**સરકાર તરફે એડવોકેટ વિકાસ વડેરાએ દલીલો રજૂ કરી**

ધારી, તા. ૪

ધારી પંથકનાં એક ગ્રામ્ય વિસ્તારની સગીરાને સુરત ખાતે ભગાડી જઈને દુષ્કર્મ કરવાનાં ગુન્હામાં લાઠીનાં દુધાળા ગામનાં આરોપી સુરેશ શીંગાળાને ધારીનાં સ્પેશ્યલ પોકસો કોર્ટનાં જજ શ્રી કમલેશ પટેલ ધ્વારા કુલ ૧૦ વર્ષની સજા, રૂપિયા ૧૦ હજારનો દંડ અને ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા આદેશ કરેલ છે.

આ કેસમાં ફરિયાદી વતી સરકારી મદદનીશ એડવોકેટ વિકાસ વડેરાએ સફળ દલીલો રજૂ કરી હતી.

### બાળકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વૃધ્ધો વર્તમાનપત્રથી વંચિત બન્યા

## ભયંકર નાણાભીડ : અમરેલીનાં સરકારી પુસ્તકાલયમાં વાંચકો માટે વર્તમાનપત્રનાં રૂપિયા ચુકવવાનાં નાણા નથી

**એક તરફ સરકારને જીએસટીની રેકર્ડ બ્રેક આવક અને બીજી તરફ સરકારી પુસ્તકાલયમાં નાણાનો અભાવ**

અમરેલી, તા. ૪

અમરેલીની સરકારી લાયબ્રેરીમાં ગ્રંથપાલ દ્વારા દૈનિકપત્રો અચાનક જ બંધ કરી વિદ્યાર્થીઓ તેમજ સીનીયર સીટીજનોની વાંચનની સુવિધા છીનવી લેવામાં આવતાં ગ્રંથપાલની આપખુદી નીતિ સામે સરકારમાં રજૂઆત કરવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ જાહેર જનતાની વાંચનની સુવિધા અંગે સરકાર દ્વારા કરોડો રૂપિયાનાં ખર્ચ કરી નિઃશુલ્ક લાયબ્રેરી ચલાવવામાં આવે છે. જેમાં અમરેલી શહેરમાં આવેલ સરકારી લાયબ્રેરીમાં સેંકડો લોકો દૈનિકપત્રો તેમજ અન્ય પુસ્તકો મેગેઝીનો વાંચવા માટે આવે છે. જેમાં વિદ્યાર્થીઓ અને સીનીયર સીટીજનો બહોળી સંખ્યામાં આ સરકારી લાયબ્રેરીનો લાભ લઈ રહેલ છે. હાલના સ્પેશીયલ મીડિયાના ઝડપી યુગમાં પણ દૈનિકપત્રોનાં વાંચનનું અનેરૂં મહત્વ છે.ત્યારે અમરેલીની લાયબ્રેરીમાં ગ્રંથપાલ દ્વારા અચાનક જ દૈનિકપત્રો બંધ કરી દેવામાં આવેલ છે. જે અંગે ગ્રંથપાલનો સંપર્ક કરતાં તેઓએ જણાવેલ હતું કે, ગ્રાંટનાં અભાવે ન્યુઝ પેપર બંધ કરી દેવામાં આવેલ છે. જે અંગે વિદ્યાર્થીઓ તેમજ સિનિયર સીટીજનોમાં ભારે વિરોધની લાગણી સાથે જણાવેલ હતું કે, સરકારને ન્યુઝ પેપરની સ્વમાન્ય ગ્રાંટની મુશ્કેલી પડે છે. જયારે મોટા–મોટા તાયફામાં કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આર્થિક મુશ્કેલી નડતી નથી. અમરેલી શહેર તેમજ આજુ–બાજુનાં ગ્રામ્ય પંથકનાં વિદ્યાર્થીઓની માંગણીઓને ધ્યાને લઈ ગ્રંથપાલ દ્વારા બંધ કરવામાં આવેલા ન્યુઝ પેપર ફરી ચાલુ કરવા નગરપાલીકાનાં સદસ્ય જયાબેન પ્રવિણભાઈ બારૈયા દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવેલ હતી.

### અમરેલી શહેરની મધ્યમાં આવેલ

## બટારવાડી વિસ્તારમાં ગેરકાયદેસર ગેસનાં બાટલાઓનું રીફીલીંગ કરતા ર શખ્સો ઝડપાયા

**રહેણાંક મકાનમાં ગેરકાયદે ધમધમતા ધંધા સામે કાર્યવાહી**

અમરેલી, તા. ૪

અમરેલી શહેરની મધ્યમાં આવેલ બટારવાડી વિસ્તારમાં એક મકાનમાં અલગ અલગ કંપનીનાં ખાલી ગેસ સીલીન્ડરમાં ભરેલ સીલીન્ડરમાંથી ગેસ કાઢી અને ગેરકાયદેસર રીફીલીંગ કરવાનો ધંધો આજુબાજુનાં લોકોની જીંદગીનાં જોખમે ચાલતો હોય. ત્યારે સીટી પોલીસને બાતમી મળતા દરોડો પાડી ર ઈસમોને રૂા. ૨,૪૩,૦૬૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલીનાં બટારવાડી વિસ્તારમાં રહેતા મહમદભાઈ ઓસમાણભાઈ શેખડા તથા અમીનભાઈ ઓસમાણભાઈ શેખડા નામના બે ઈસમોએ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે અલગ અલગ કંપનીનાં ભરેલા ગેસ સલીન્ડરમાંથી ખાલી સીલીન્ડરમાં રાંધણગેસ ભરી રીફલીંગ કરતા હોવાની બાતમી સીટી પોલીસને મળતા દરોડો પાડી અલગ અલગ ભરેલ તથા ખાલી ગેસ સીલીન્ડર તથા ઈલેકટ્રીક મોટર, રેગ્યુલેટર સહિતનાં સામાન મળી કુલ રૂા. ૨,૪૩,૦૬૦નાં મુદામાલ સાથે બન્ને આરોપીને રંગેહાથ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### કમોસમી વરસાદે મુશ્કેલી વધારી

## સાવરકુંડલા પંથકમાં છેલ્લા પાંચ દિવસથી એવરી–ડે વરસાદ

**ભરવૈશાખે અષાઢી માહોલ છવાયો**



સાવરકુંડલા, તા. ૪, છેલ્લા ૫ દિવસથી સતત બપોર બાદ સાવરકુંડલા અને તાલુકામાં ૧ થી ૨ ઈંચ વરસાદ પડે છે. વૈશાખ મહિનામાં જોરદાર તડકાના બદલે અષાઢી માહોલ જોવા મળે છે. આજે સાંજના કાળા ડિબાંગ વાદળો છવાયેલા પવન સાથે વરસાદ વરસવાનું શરૂ થયેલ.મે મહિનામાં જૂન જેવો જ ઝાપટીયો માહોલ જોવા મળે છે.

### અમરેલી નજીક આવેલ

## સરંભડા ગામે આરોપીને ઘરે રહેવાની ના પાડતા ખેડૂતને માર મારી દાંત તોડી નાખ્યા

અમરેલી, તા. ૪

અમરેલી તાલુકાનાં સરંભડા ગામે રહેતા અને ખેતીકામ કરતા શરદભાઈ મગનભાઈ કાછડીયા નામનાં ૪૨ વર્ષિય ખેડૂતનાં ઘરે અમરેલી તાલુકાનાં સાજીયાવદર ગામે રહેતા જીતુભાઈ કરશનભાઈ પરમાર છેલ્લા ૪–૫ દિવસથી ખેડૂત સાથે રહેતા હોય. પરંતુ આરોપી જીતુભાઈ સામે ભરણપોષણનો કેસ થયાનું આ ખેડૂતને જાણમાં આવતા આરોપીને પોતાના ઘરેથી જતાં રહેવાનું કહેતા આ આરોપી જીતુભાઈ ફરી વખત ખેડૂતનાં ઘરે આવી ખેડૂતને હેરાન–પરેશાન કરતા ખેડૂતે આ બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસને જાણ કરેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપીએ રાત્રીનાં સમયે ખેડૂતનાં ઘરે આવી ઈંટ તથા લાકડા વડે માર મારી બે દાંત પાડી દઈ ઈજા કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

### દિશા સમિતિનાં સદસ્યએ માર્ગ બનાવવા કરી માંગ

## અમરેલી : નવા ગિરિયા ગામે ભૂગર્ભ ગટરનાં કારણે માર્ગો બન્યા બિસ્માર

**મુખ્યમંત્રીને પત્ર પાઠવીને માર્ગ બનાવવા ગ્રાન્ટ ફાળવવા માંગ કરી**

અમરેલી, તા. ૪

અમરેલી નજીક આવેલ નવા ગિરિયા ગામની દિશા સમિતિનાં સદસ્ય મહેન્દ્ર ચાવડાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરની તદન નજીક આવેલ નવા ગિરિયા વિસ્તારમાં ફેઝ–ર જીયુડીસી વિભાગ ગાંધીનગર તરફથી ભૂગર્ભ ગટર યોજના અન્વયે આ રસ્તાઓ તૂટેલ હોય. નવા ગિરિયા વિસ્તારનાં વિવિધ રોડ હાલ વરસાદના કારણે ખૂબ જ અગવડતાઓ અનુભવી રહ્યા છીએ અને નાના–મોટા વાહનો ચલાવવામાં પણ ખૂબ જ અગવડતા જણાય છે. જેથી આ વિવિધ રોડ–રસ્તાઓને ખાસ કિસ્સા તરીકે મુખ્યમંત્રી રોડ–રસ્તા યોજના અન્વયે નાણાકીય ભંડોળ ફાળવી આ રોડ રસ્તાઓને પુનઃ નવીનીકરણ કરવા તેમજ નવા ગિરિયા વિસ્તારમાં સરકારનાં જીયુડીસી વિભાગ તરફથી ભૂગર્ભ ગટર યોજના અન્વયે આ રોડ રસ્તાઓ તૂટેલા હોય જેથી સંયુકત નવા ગિરિયા ગામના રોડ રસ્તાઓ આગામી ચોમાસા પહેલા નવા મજૂર થવા અંગે મુખ્યમંત્રી ખાસ કિસ્સાઓમાં મરામત યોજના બાબતે આપની કક્ષાએથી જરૂરી ઘટતી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## પ્રભારી મંત્રી પરશોતમભાઈ સોલંકીનાં અઘ્યક્ષ સ્થાને મળેલ બેઠકમાં

# અમરેલી જિલ્લામાં રૂપિયા ૧૪૯૨ લાખનાં વિકાસ કામોને મંજૂરી

મંજૂર થયેલ અને પેન્ડિંગ કામોને સત્વરે પૂર્ણ કરવા પ્રભારી મંત્રીએ સુચન કર્યુ

જિલ્લામાં કુલ ૬૦૩ જેટલા વિકાસ કાર્યોને એક વર્ષમાં પૂર્ણ કરી દેવાશે

જિલ્લાનાં દરેક ગામોને વિકાસકાર્યોનો લાભ મળે તેવા પ્રયત્ન કરવાનો અનુરોધ

બેઠકમાં સાંસદ, ધારાસભ્ય અને ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા



અમરેલી, તા. ૪

મત્સ્યોદ્યોગ, પશુપાલન રાજયમંત્રી અને અમરેલી જિલ્લા પ્રભારી મંત્રી પરસોત્તમભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને, અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ જોગવાઈઓ તથા અન્ય વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માટે રજૂ કરવામાં આવેલા અંદાજે રૂા. ૧,૪૯૨ લાખના ૬૦૩ જેટલા વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં પ્રભારીમંત્રી પરષોત્તમભાઈ સોલંકીએ ઉપસ્થિત અધિકારી/ પદાધિકારીઓને આયોજન મંડળમાં રજૂ થતાં લોક સુખાકારી માટેના પ્રત્યેક ગામોમાં સ્થાનિક કક્ષાએ પ્રાથમિકતા ધરાવતા લોક સુવિધાના હાથ ધરાયેલા કામો ઝડપથી પૂર્ણ કરવા તથા આયોજન મંડળમાં મંજૂર થયેલા કામોના પ્લાનના એસ્ટીમેટને ટૂંક સમયમાં રજૂ કરી, આ મંજૂર કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યુ હતુ. તે ઉપરાંત પ્રભારી મંત્રીએ અગાઉના વર્ષોના કામોની વિગતવાર સમીક્ષા કરી જે કામો શરૂ થવાના બાકી હોય તો તે કામો સત્વરે શરૂ કરી પૂર્ણ કરવા તેમજ પ્રગતિ તળેનાંકામો પણ સત્વરે પૂર્ણ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટર વાળાએ આયોજન મંડળમાં મંજૂર થયેલ કામો સત્વરે હાથ ધરી સમય મર્યાદામાં તે પૂર્ણ થાય તેની તકેદારી રાખવા તમામ અમલીકરણ અધિકારીઓને તાકીદ કરી હતી. બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી અમીને વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષની વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ જોગવાઈઓનું આયોજન જિલ્લા આયોજન મંડળ બેઠકમાં રજૂ કર્યુ હતુ.

બેઠકના પ્રારંભે સાંસદ નારણભાઈ કાછડિયા અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવે પ્રભારી મંત્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતુ. આ બેઠકમાં સાંસદ નારણભાઈ કાછડીયા, લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયત સામાજિક સમિતિના ચેરમેન, તાલુકા તથા નગરપાલિકાના પદાધિકારીઓ તેમજ અધિકારીઓ, કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### બનાવટી ખાદ્ય સામગ્રીની જેમ બનાવટી તબીબ પણ ફૂટી નીકળ્યા

# ગીરગઢડા ખાતે ઉઘાડપગા તબીબને દર્દીની સારવાર કરતાં ઝડપી લેવાયો

### આરોગ્ય વિભાગે રૂપિયા ૭૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ઉના, તા. ૪

ગીર સોમનાથ જિલ્લા આરોગ્ય વિભાગને બાતમી મળી હતી કે, ગીર ગઢડા માં આવેલ મહાકાળી ફરસાણની બાજુમાં આરોગ્યમ હોસ્પિટલ પાસે ડિગ્રી વગર બોગસ ડોકટર પ્રેકટીસ કરી રહ્યો છે. આ બાતમી આધારે જિલ્લા આરોગ્ય અધિકારી અને ઉના તાલુકા આરોગ્ય અધિકારી ડો વિપુલ દુમાતર સહિતના સ્ટાફને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ દરોડો પાડયો હતો. આ દવાખાનામાં એક શખ્સ મળી આવ્યો હતો. જેની પુછપરછ કરતાં



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

તે હરેશભાઈ હકાભાઈ ડાભી હોવાનું જણાવ્યું હતું. જોકે, હરેશ ડાભી ડોકટર હોવા અંગેના કોઈ સર્ટી કે પ્રમાણપત્ર રજુ કરી શકયાં ન હતાં. આથી, આરોગ્ય વિભાગે સારવારના સાધનો અને દવાઓ, ઈન્જેકશન મળી કુલ રૂ.૭૭ હજાર ૨૯૨ નો મુદ્દામાલ જપ્ત કરી હરેશભાઈ હકાભાઈ ડાભી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઉના : સીમાસી ગામે ધારાસભ્યનાં હસ્તે બેઠા પુલનું ખાતમુહુર્ત

ઉના, તા. ૪

ઊના તાલુકાના સીમાસી ગામની રૂપેણ નદી આવેલી છે જે ગામની નજીકથી નીકળેલી છે અને ચોમાસાની ઋતુમાં સામાં કાંઠે જવા માટે ચોમાસાની અંદર ગામ લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે સામેના ભાગે એક શંકર મંદિર આવેલું છે એક મહાકાળી માતા નું મંદિર આવેલું છે તેમજ પાણી પુરવઠા નો ટાંકો પણ આવેલો છે અને ગામ લોકોની જમીન પણ આવેલી છે એટલે ચોમાસાની અંદર નદી જયારે ભરપૂર જતી હોય ત્યારે સામે કાંઠે જવા માટે લોકોને અનેક કિમીનું અંતર કાપી ફરીને જવું હોય જેની વર્ષો જૂની ગામ લોકોની માંગણી કરેલો આ બેઠો પુલને મંજૂર અપાઈ હતી ત્યારે ઉના ગીર ગઢડા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ સીમાસી ગ્રામ પંચાયતના સરપંચ ઘેલાભાઈ તેમજ માજી સરપંચ પૂજાભાઈ ,આગેવાનયુસુફભાઈ જેઠવા, હુસેનભાઈ ઓસમાણભાઈ વાકોટ ગામ જનો હાજર રહ્યા હતા અને ધારાસભ્યના હસ્તે ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું

### ભાવનગર ખાતે સ્પર્ધા યોજાઈ

# ગૌરવ : ધારીની ૪ યુવતીઓ રાજય કક્ષાની કરાટે સ્પર્ધામાં અગ્રેસર

ધારી, તા.૪

આપણી આસપાસ એવા અનેક યુવકો અને યુવતીઓ ટેલેન્ટેડ હોય છે જેની પ્રતિભા આપણા શહેર અને જીલ્લાનુ નામ રોશન કરતી હોય છે. જેના માટે રાજય સરકાર ખેલકુદ, કરાટે, વોલીબોલ, ક્રિકેટ જેવી સ્પર્ધાઓ યોજીને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાં રહેલ કૌશલની યોગ્યતા અનુસાર પુરસ્કાર આપે છે આવીજ એક સ્પર્ધા ભાવનગર શહેરના મોતીબાગ ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. ભાવનગર ખાતે યોજાયેલ આ સ્પર્ધા એટલે કે રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.આ કરાટે સ્પર્ધા માં અમરેલી જીલ્લાના ધારી શહેરની ૪ યુવતીઓએ ભાગ લીધેલ હતો. સ્પર્ધામાં શામેલ ચારેય યુવતીઓએ કાંતા અને કુમીતી બન્ને ઈવેન્ટમાં



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ભાગ લયને રેન્ક મેળવીને ઝળહળતી સિધ્ધિઓ પ્રાપ્ત કરીને રાજય કક્ષાએ ધારી શહેરનુ નામ રેશન કરેલ છે.જેમાં જનરલ સેક્રેટરી ઓફ ગુજરાત વાડૉ કાઈ એન્ડ ચીફ ઈન્સ્ટ્રકટર ઓફ અમરેલી ડિસ્ટ્રિકટ મયુરકુમાર ચૌહાણ તેમજ ઈન્સ્ટ્રકટર મહેતર હદીસા અને મહેતા રિધ્ધિ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવેલ.

અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
સ્કૂલ-હોસ્ટેલમાં પ્રવેશ શરૂ (૨૦૨૩-૨૪)
જુજ સીટ જ બાકી હોય, પહેલા તે પહેલાનાં ધોરણે તાત્કાલ પ્રવેશ મેળવી લેવા વિનંતી
સ્કૂલ કાર્યક્ષેત્ર
બાલમંદિર થી ધો. ૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ
ગુજરાતી અને ઇંગ્લીશ મિડીયમ
સ્કૂલ-ગર્લ્સ અને બોયઝ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધોરણ-૪ થી ૧૨ ગર્લ્સ અને બોયઝ
અમારું શિક્ષણકાર્ય એ જ અમારી વિશેષતાઓ
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ
લાઠી રોડ, અમરેલી.
vidyasabhasankul@gmail.com
J-012

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Navnit
RETRO CHROME STYLING
Hero
નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૨૬૮૦-૨૨૧૧૬૦ • મો. ૭૫૭૪૮ ૨૭૩૦૦

"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"
એકલવ્ય
ડિઝીટલ કોમર્સ | કોમર્સ | 100% કોમર્સ
ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ
અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ
મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર
અમરેલી - 365601
Mo.9106634426 / 9979449649

YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZ-S
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
3+3 years warranty
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

"શ્રી વલ્લભ"
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

### દેશમાં ધીરેધીરે નિયંત્રણમાં આવતો કોરોના

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કુલ ૩૯૬૨ કેસ નોંધાયા

## દેશમાં ૭,૮૭૩ લોકો કોરોનાથી સ્વસ્થ થયા, સક્રિય કેસ ૪૦,૧૭૭થી ઘટીને ૩૬,૨૪૪ પર આવી ગયા

નવી દિલ્હી, તા.૪

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૩,૯૬૨ નવા કેસ નોંધાયા છે. આ દરમિયાન ૭,૮૭૩ લોકો કોરોનાથી સ્વસ્થ થયા છે. આ ઉપરાંત સક્રિય કેસ ૪૦,૧૭૭થી ઘટીને ૩૬,૨૪૪ પર આવી ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે આ માહિતી આપી છે.

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૩,૯૬૨ કેસ નોંધાયા છે. જોકે આ આંકડો ગઈકાલે આવેલા કોરોનાના દર્દીઓ કરતા થોડો વધારે છે. ગઈકાલે નવા કોરોના દર્દીઓનો આંકડો ૩,૭૨૦ હતો. ગઈકાલે દેશભરમાં કુલ સક્રિય કેસ ૪૦,૧૭૭ હતા જે હવે આંકડો ૪૦ હજારથી નીચે પહોંચી ગયા છે. આરોગ્ય વિભાગના રિપોર્ટ અનુસાર હાલમાં દેશમાં કોરોનાના કુલ સક્રિય કેસ ૩૬,૨૪૪ રહ્યા છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૮૭૩ લોકો સાજા થયા છે. આ સાથે દેશમાં કોરોનામાંથી સાજા થનારા દર્દીઓની કુલ સંખ્યા વધીને ૪,૪૩,૯૨,૮૨૮ થઈ ગઈ છે. દેશમાં કુલ સક્રિય કેસ ૦.૦૮ ટકા છે અને રિકવરી રેટ ૯૮.૭૩ ટકા છે. બીજી તરફ દૈનિક પોઝિટિવ દર ૨.૧૭ ટકા છે અને સાપ્તાહિક દર ૩.૧૩ ટકા છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૯૨.૭૨ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૧,૮૨,૨૯૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

મંત્રાલયે કહ્યું દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધીમાં કોવિડ રસીના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના આંકડા અનુસાર મૃત્યુ દર ૧.૧૮ ટકા નોંધવામાં આવ્યો છે.

### બિહારના પરપ્રાંતિય કામદારો વિશે ટિપ્પણી

# ગોવાના મુખ્યપ્રધાન સામે પટનાની કોર્ટમાં ફરિયાદ

## ગોવાના મુખ્યપ્રધાન પ્રમોદ સાવંતે ગોવામાં ૯૦% ગુનાઓ માટે યુપી-બિહારના લોકોને જવાબદાર ઠેરવ્યા હતા

પટના, તા.૪

તાજેતરમાં ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત દ્વારા બિહારના પરપ્રાંતિય કામદારો વિશે અપમાનજનક ટિપ્પણી કરવામાં આવી હતી. તેમની ટિપ્પણીને લઈને તેમની વિરુદ્ધ કેસ દાખલ કરવા માટે પટનાની સ્થાનિક કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટી જેડીયુના સ્થાનિક નેતા મનીષ કુમાર સિંહે પટનાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં આ અરજી દાખલ કરી છે. મનીષ કુમાર સિંહે મજૂર દિવસ પર ગોવામાં ભાષણ દરમિયાન સાવંતની ટિપ્પણી સામે વાંધો ઉઠાવ્યો હતો. સાવંતે ગોવામાં ૯૦% ગુનાઓ માટે યુપી-બિહારના લોકોને જવાબદાર ઠેરવ્યા હતા.

જેડીયુ નેતાએ યુપી-બિહારનું અપમાન કરવા બદલ સાવંને માફી માંગવાની માંગ કરી છે. મનીષ કુમાર સિંહે કહ્યું કે, પ્રમોદ સાવંતે દેશને પોતાના પ્રથમ રાષ્ટ્રપતિ આપનાર રાજ્ય, જ્યાં છેલ્લા શીખ ગુરુનું જન્મ સ્થળ છે તે રાજ્યનું અપમાન કરવાનું કામ કર્યું છે. તેણે પોતાના નિવેદન માટે માફી માંગવી જોઈએ.

આ અરજી ટૂંક સમયમાં સુનાવણી માટે આવે તેવી શક્યતા છે. આ દરમિયાન એક નિવેદનમાં, જેડીયુના બિહાર એકમના પ્રમુખ ઉમેશ સિંહ કુશવાહાએ આરોપ લગાવ્યો કે, સાવંત જે ભાજપમાંથી છે તે હિંદી ભાષી લોકો પ્રત્યે હંમેશા અપમાનજનક ટિપ્પણી કરતી રહી છે. તેમણે દાવો કર્યો કે, પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી કેન્દ્ર સરકારને આગામી વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણીમાં આ મુદ્દા પર તેમના મૌન માટે પાઠ ભણાવશે.

### આગામી ૮ અને ૯ મે નાં રોજ

# રાજકોટ ખાતે કાઠી ક્ષત્રિય સમાજનાં બહેનો દ્વારા દ્વિતિય મોતી મહોત્સવ યોજાશે

## મોતીકલાનાં બેનમૂન સર્જનો જનતા નિહાળી શકશે





રાજકોટ, તા. ૪

રાજકોટ ખાતે આગામી તા.૮/૯ મે ૨૦૨૩ના રોજદ્વિ દિવસીય દ્વિતિય મોતી મહોત્સવ યોજાશે, જે કલાયજ્ઞમાં મોતીકલાના વિવિધ જાતના બેનમૂન સર્જનો કલાપ્રેમી જનતા નિહાળી શકશે.

કાઠી ક્ષત્રિય સમાજના બહેનો દ્વારા તા.૮ અને ૯ મે ૨૦૨૩ને સોમ, મંગળ એમ બે દિવસ માટે રાજકોટને આંગણે ઉદય હોલમાં રામાપીર ચોકડી ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે મોતીકલા મહોત્સવ –૨ નું આયોજન થયું છે, જે બે દિવસ તમામ સમાજના બહેનો આ મહોત્સવને માણી અને જાણી શકશે. આ કલાવંત બહેનો મોતીકલાને જીવાડી સાંચવી રહ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

જેમની કલાને ટકાવવા માટેનો આ કલાયજ્ઞ જ ગણાવી શકાય. આ મહોત્સવમાં શાખ તોરણ, પછીતપાટી, તોરણ, વિવિધ પડદા, લોટી નાળીયેર, વલોણું, મોતી ભરેલ ખુરશી, મોતીનો બાજોઠ, સુંથિયા, ઈંઢોણી, ચાકળા, ધોડિયાની દોરી, ફલાવર પોટ, કાચના શીશા, ગણેશ સ્થાપન, પાણીની હેલ, વિંજણા, મોતીના રમકડાં, મોતીના ઝૂલા, મોતી ભરેલ ટેબલ ક્લોથ, તકિયા, મોતી મઢેલ બળદગાડું, સાંગામાંચી, કુંજા વગેરે ચીજો જોવા અને ખરીદવા પણ મળશે. આ ચીજો જોઈને શહેરીજનો નવાઈ જ પામી જાય કે કેટલી મહેનત પછી આ સર્જન થતું હશે. ધન્ય છે એમની કલાને.

ભારતમાં હસ્તકલાની વિવિધતા અને પ્રકારોને સમજવા ખૂબ જ મુશ્કેલ છે. દરેક પ્રદેશ તેમની હસ્તકળામાં નિપુણતા ધરાવે છે. ભારતીય હસ્તકલાનો ઈતિહાસ ખૂબ જ પ્રાચીન છે. ભારતીય કલા અને કલાકારોએ સદીઓથી તેમની અદભૂત રચનાઓથી વિને આશ્ચ્ર્યર્યચકિત કરી રહ્યાં છે. તેથી દુનિયાભરના લોકો ભારતીય કલા તરફ ખેંચાય છે.

સમગ્ર વિશ્વ ભારતની મહાન કલાઓ અને હસ્તકલાના સમૃદ્ધ વારસા વિશે જાણે છે. આપણા દેશમાં હસ્તકલા પરંપરાઓની વિવિધતા તથા આપણી કલાત્મક સંપત્તિનો બેજોડ ખજાનો છે. લગભગ બે ચાર દાયકાથી કાઠી મોતીકલા અને હસ્તકલાની વસ્તુઓનો વિશ્વમાં વ્યાપકપણે પ્રચાર થતો હતો અને વિવિધતા અને શ્રેષ્ઠતાની ખૂબ જ માંગ રહી છે. પરંતુ તેમને યોગ્ય સીધા જ સર્જકને પ્લેટફોર્મનો અભાવ હતો તે ખોટ હવે હાલ સમાજ લેવલે પૂરી પાડવામાં આવી છે. ભવિષ્યમાં સરકારશ્રી પણ આ સર્જક બહેનોને હસ્તકલા ઉત્સવમાં સામેલ કરશે એવી આશા છે. આજે કમનસીબે મોટાભાગની હસ્તકલા પોતાના જ અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. એક તરફ, જ્યાં કેટલીક હસ્તકલા ફરી પ્રચલિત થઈ છે, તો બીજી તરફ, ભારતના દરેક ખૂણામાં ઘણી હસ્તકલા છે, જે આપણા સમર્થનની રાહ જોઈ રહી હતી. પરંતુ હવે કાઠી મોતીકલા કારીગરી વિશે ચિંતા સેવાતા તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા આ જાતના અનોખા મહોત્સવના આયોજન ગોઠવાયા છે. જો કે મોતી કલાને શા માટે આજે તેના અસ્તિત્વ માટે સંઘર્ષ કરવો પડે છે ? એજ સમજાતુ નથી. આ કલા પરંપરાગત રીતે કાઠી સમાજમાં ગુજરાતમાં કાઠિયાવાડ વિસ્તારના નામથી જે પ્રદેશ ઓળખાય છે ત્યાં ખૂબ જ જળવાયેલી છે. કારણ આજે પણ તેઓ પોતાની દીકરીઓને મોતીની અનેક ચીજો કરિયાવરમા આપે છે. પરંતુ ઘણી બધી ભિન્નતાઓને કારણે, કાઠિયાવાડમાં સર્જકો વિભાજિત અલગ અલગ હતા, જેમને હવે એક સાથે જોડેલ છે. પરંતુ તેમની કુશળતાને સાંસ્કૃતિક અને આર્થિક જરૂરિયાતો અને સ્થાનિક માંગને પ્રથમ મોતી મહોત્સવ ૧માં ચલાળા ખાતે પૂ.મહંતશ્રી વલકુબાપુના યજમાનપદે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. તેથી તેમને ઘણો વેગ મળ્યો છે. ચલાળા ખાતે ૩૭ સર્જક બહેનોને અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સન્માનિત કરવામાં આવેલ જે મૂલ્યવાન ઘટનાની ભવિષ્યનો ઈતિહાસવેતા જરૂર નોધ લેશે એવું સાંસ્કૃતિક કાર્ય હતું. હવે તો આપણે નવી શિક્ષણનીતિમાં પરંપરાગત કલા અને હસ્તકલાના વિષયોને શાળા મહાશાળાના અભ્યાસક્રમમાં સામેલ કરવા જોઈએ, જેથી કરીને બાળકો નાની ઉંમરથી જ કલાના આ સ્વરૂપોથી પરિચિત થાય. હવે આ હસ્તકલાના વધુ સારા દસ્તાવેજીકરણની પણ જરૂર છે જેથી તે આવનારી પેઢીઓ માટે રેકોર્ડ બની રહેશે.

ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતી 'મેક ઈન ઈન્ડિયા મેક ઈન ઈન્ડિયા' યોજના ભારતીય કલાકારો માટે આશાનું કિરણ લઈને આવી છે. આ અંતર્ગત ભારતમાં હસ્તકલાના ઉત્પાદન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પણ કમનસીબે, આમાંની અમુક હસ્તકલા આજે અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. ત્યારે આ મહત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ્ય ભારતીય કલાકારોને તેમની કલા પ્રદર્શિત કરવાની વધુ સારી તક આપવાનો પણ છે.આ ક્ષેત્રમાં સર્જન કરતા અનેક કલાવંત બહેનોની કૃતિઓને ઓળખવાની ખાસ જરૂર છે, કારણ કે આપણે તેમને સર્જક તરીકે બધા જ જોતા નથી. તેમના નમૂનાઓ શાત, કાલાતીત અને અમૂલ્ય છે. તેમને આ જ કારણસર સમાજમાં માન અને જબ્બર પ્રતિષ્ઠા મળવી જોઈએ.

દરેક ભારતીય સહમત થશે કે જયાં સુધી આપણે જ હસ્તકલા તેનો ઈતિહાસ, પરંપરાઓ અને કારીગરીના આપણા મહાન વારસાના સાચા મહત્વને ઓળખીશું નહીં ત્યાં સુધી આપણે તેને વધુ સારી રીતે વિશ્વ સમક્ષ રજૂ કરી શકીશું નહીં. આપણે તેની આપણે સહુએ મૂકત કંઠે પ્રશંસા કરવાની જરૂર છે, આપણે જ તેમને ઓળખવાની જરૂર છે અને આપણે તેમનું રક્ષણ કરવાની જરૂર છે. જે કામ આ મોતી મહોત્સવ દ્વારા થઈ રહ્યું છે.આ મહોત્સવ ઉજવવા માટે લતાબા ચાવડા, પ્રતિમાબા વાળા, ગીતાબા ચાવડા, અંજુબા ચાવડા તથા ગજરૂબા ખાચર જહેમત ઉઠાવી રહ્યા છે,

### જંતર-મંતર ખાતે ખેલાડીઓ પર પોલીસનો હુમલો

# બેટી બચાવો માત્ર ઢોંગ હોવાનો રાહુલ ગાંધીનો ભાજપ પર આક્ષેપ

## ભાજપ ભારતની દીકરીઓ પર અત્યાચાર કરવાથી ક્યારેય પાછળ નથી હટતી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૪

જંતર-મંતર પર કુસ્તીબાજો સાથે પોલીસના ઘર્ષણ મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બીજેપી પર પ્રહાર કર્યા છે.

તેમણે કહ્યું કે, દેશના ખેલાડીઓ સાથે આવું વર્તન ખૂબ જ શરમજનક છે. 'બેટી બચાવો માત્ર ઢોંગ' છે. હકીકત તો એ છે કે, ભાજપ ભારતની દીકરીઓ પર અત્યાચાર કરવાથી ક્યારેય પાછળ નથી હટતી.

બુધવારે મોડી રાત્રે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કાર્યવાહીની માગણી સાથે દિલ્હીના જંતર-મંતર પર ધરણા કરી રહેલા કુસ્તીબાજો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું.

કુશ્તીબાજોનો આરોપ છે કે, વરસાદને કારણે તેઓએ ફોલ્ડિંગ બેડ મગાવ્યા હતા. પોલીસ ધરણાં સ્થળ પર પહોંચે તે પહેલા આ બેડને અટકાવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ ગઈ હતી. કુસ્તીબાજોએ પોલીસ પર હુમલો કરવાનો અને ગેરવર્તન કરાવાનો આરોપ લગાવ્યો છે.

કુસ્તીબાજોનું કહેવું છે કે, વરસાદને કારણે ધરણાની જગ્યા પર પાણી ભરાઈ ગયા હતા જેના કારણે તેમણે ફોલ્ડિંગ બેડ મંગાવ્યા હતા પરંતુ દિલ્હી પોલીસે તેમને લાવવાની મંજૂરી આપી ન હતી.ખેલાડીઓનો આરોપ છે કે, દિલ્હી પોલીસના એસીપીએ પોલીસકર્મીઓ સાથે મળીને ખેલાડીઓ પર હુમલો કર્યો હતો.

### મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને

# વડોદરા અને હરિદ્વાર માટે શરૂ થશે સમર વીકલી સ્પેશિયલ ટ્રેન

વડોદરા, તા.૪

હવે જ્યારે વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઈ અને શાળાઓ અને કોલેજોમાં ઉનાળુ વેકેશન શરૂ થઈ ગયું છે, તો એવામાં મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વડોદરા અને હરિદ્વાર વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આ ટ્રેન વડોદરાથી ૬ મેથી ૨૪ જૂન ૨૦૨૩ સુધી (કુલ ૮ ટ્રીપ) અને હરિદ્વારથી દર રવિવારે ૭મી મેથી ૨૫મી જૂન ૨૦૨૩ સુધી (કુલ ૮ ટ્રીપ) દોડશે. આ વિશેષ ટ્રેન વિશે વિગતવાર માહિતી નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૯૧૨૯ વડોદરા - હરિદ્વાર સ્પેશિયલ ૬ મે થી ૨૪ જૂન, ૨૦૨૩ સુધી દર શનિવારે ૧૯:૦૦ કલાકે વડોદરાથી ઉપડશે અને દર રવિવારે ૧૪:૩૦ કલાકે હરિદ્વાર પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નંબર ૦૯૧૩૦ હરિદ્વાર - વડોદરા સ્પેશિયલ ૭મી મે થી ૨૫મી જૂન, ૨૦૨૩ સુધી દર રવિવારે ૧૭:૨૦ કલાકે હરિદ્વારથી ઉપડશે અને દર સોમવારે ૧૧:૨૫ કલાકે વડોદરા પહોંચશે. રૂટમાં આ ટ્રેન ગોધરા, દાહોદ, રતલામ, કોટા, ગંગાપુર સિટી, મથુરા જંક્શન, હઝરત નિઝામુદ્દીન, ગાઝિયાબાદ, મેરઠ સિટી, મુઝફ્ફર નગર, તાપરી અને રૂરકી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. આ ટ્રેન માટે પેસેન્જર રિઝર્વેશન તમામ કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સેન્ટર અને IRCTC વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે. મુસાફરો એ આપેલી લિંક પર ખાસ મુલાકાત કરીને વિગતવાર માહિતી જાણી લેવી. આવનારા સમયની આ પ્રકારની જ માહિતીઓ લિંક થકી તમે જાણી શકશો.

### વર્લ્ડ બેન્કે અધ્યક્ષપદ અંગે પુષ્ટી કરી દીધી

# વર્લ્ડ બેન્ક અધ્યક્ષ તરીકે અજય બાંગા ચૂંટાયા

નવી દિલ્હી, તા.૪

ભારતીય મૂળના અજય બાંગા વર્લ્ડ બેન્કના આગામી અધ્યક્ષ બનશે. વર્લ્ડ બેન્કે આ મામલે પુષ્ટી કરી દીધી હતી કે અજય બાંગાને બુધવારે બેન્કના આગામી અધ્યક્ષ તરીકે ચૂંટી લેવાયા છે. કલાઈમેટ ચેન્જનો સારી રીતે સામનો કરનાર આ ડેવલપમેન્ટ બેન્કના અધ્યક્ષનો કાર્યભાર તે એક મહત્ત્વપૂર્ણ સમયે સંભાળી રહ્યા છે. બોર્ડ દ્વારા ૫ વર્ષના કાર્યકાળ માટે તેમના નેતૃત્વને મંજૂરી આપવા મતદાન કર્યાના તાત્કાલિક બાદ બેન્કે એક નિવેદનમાં લખ્યું કે બોર્ડ વર્લ્ડ બેક્ર સમૂહ વિકાસના માર્ગે બાંગા સાથે કામ કરવા ઉત્સુક છે. તે ૨ જૂને ડેવિડ માલાપાસથી પદભાર ગ્રહણ કરશે.

# સા.કુંડલા ખાતે સંત ભોજલરામ બાપાનો પ્રાગટયોત્સવને લઈને અનેરો ઉત્સાહ




સાવરકુંડલા ખાતે પરમવંદનીય સંત શ્રી ભોજલરામ બાપા નો ૨૩૮ મો ભવ્ય જન્મ જયંતી મહોત્સવ સાવરકુંડલા ભોજલરામ સત્સંગ મંડળ વજલપરા દ્વારા ઉજવવામાં આવેલ હતો. આ જન્મ જયંતિ મહોત્સવમાં તારીખ ૪.૫.૨૩ના રોજ સંત શ્રી ભોજલરામ બાપાની ભવ્ય શોભાયાત્રા સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર રંગે ચંગે નીકળી હતી. શોભાયાત્રા ના સમાપન બાદ ભવ્ય સંતવાણી લોક ડાયરાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં લોક ગાયિકા પૂજા ચૌહાણ, હાસ્ય કલાકાર હિતેશ અંટાળા, લોકગાયક વૃષભ અગ્રાવત, ભજનીક ધવલ ઝાલા દ્વારા નિકુંજ બારોટના ઓર્ગેનાઈઝ થકી લોકડાયરા કાર્યક્રમને ચારચંદ લાગ્યા હતા પરમ વંદનીય સંત શ્રી ભોજલરામ બાપા જન્મ જયંતિ મહોત્સવની ઉજવણી મહોત્સવ પ્રસંગે પૂજય સ્વામી હરિપ્રસાદદાસજી સ્વામિનારાયણ ગુઢકુળ સાવરકુંડલ, પૂજય ગુણવંત બાપુ મહંત શ્રી ધાર આશ્રમ, પૂજય શ્રી મહેશદાસ બાપુ ગુરૂ, શ્રી નારાયણ બાપુ બોઘરીયાણી ખોડીયાર મંદિર, પૂજય શ્રી નરહરી બાપુ હરિયાણી વજલપરા ભોજલરામ મંદિરના આશીવચનો વચ્ચે રાજકીય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ થકી શ્રી ભોજલરામ જન્મ જયંતિ મહોત્સવના મુખ્યદાતા સ્વ. શાંતાબેન રણછોડભાઈ ઢાકેચાની પુણ્ય સ્મૃતિમાં ઢાકેચા પરિવાર રહ્યા હતા શ્રી ભોજલરામ સત્સંગ મંડળ વજલપરા સાવરકુંડલા દ્વારા પરમવંદનીય પૂજય સંત શ્રી ભોજલરામ બાપા નો ૨૩૮ મો ભવ્ય જન્મ જયંતી મહોત્સવ સાવરકુંડલા ખાતે ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો.

### શિક્ષકોની ઘટ અને વર્ગખંડમાં ઘટતા શિક્ષણ કાર્યની પરિણામ પર અસર

# ધો. ૧૨ સાયન્સનું પરિણામ ઓછું આવતા કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ સરકારની આકરી ટીકાઓ કરી

### રાજ્યની સ્કૂલોમાં પુરતા શિક્ષકો નથી અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળતુ નથી, જેના કારણે આ વખતના પરિણામ પર મોટી અસર પડી છે

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં આ વખતે ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ સારૂ નહીં આવવાને લઈને કોંગ્રેસે સરકારની આકરી ટીકાઓ કરી છે. કોંગ્રેસના જણાવ્યા મુજબ રાજ્યની સ્કૂલોમાં પુરતા શિક્ષકો નથી અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળતુ નથી. જેના કારણે આ વખતના પરિણામ પર મોટી અસર પડી છે. તે ઉપરાંત JEE અને NEET જેવી પરીક્ષાની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ પણ આ વખતે બોર્ડની પરીક્ષામાં સારા માર્ક્સ લાવી શક્યા નથી.

કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, રાજ્યની શાળાઓમાં લાંબા સમયથી શિક્ષકોની જગ્યાએ ખાલી પડી છે, વર્ગખંડમાં શિક્ષણ કાર્ય ઘટી રહ્યું છે. તે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા શિક્ષકો પાસે શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓ કરાવાય છે જેના કારણે શિક્ષણ વ્યવસ્થા પર અસરો થઈ રહી છે.

આ વખતે ધોરણ ૧૨ સાયન્સના પરિણામે શિક્ષણ વ્યવસ્થામાં રહેલી મોટી ખામીઓની પોલી ખોલી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, પરિણામ ઓછું આવવાના કારણોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ જવાબદાર છે.તેઓ ટ્રેડિશ્નલ એજ્યુકેશન સિસ્ટમથી દૂર થઈ રહ્યાં છે.

તેમણે કહ્યું હતું કે આજે મોટાપાયે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્કેટિંગ કરવામાં આવી રહ્યું છે. આજના વિદ્યાર્થીઓને તેમના વાલીઓ IITમાં જ પ્રવેશ અપાવવો છે. મોટાપાયે કોમ્પિટીટીવ એક્ઝામ જેવી કે, JEE અને NEETનું માર્કેટિંગ કરવામાં આવે છે. તમામ પોતાના દીકરા-દીકરીને ડોકટર બનાવવા ઈચ્છે છે અથવા IIT માં જ પ્રવેશ મેળવવાની ઈચ્છા ધરાવે છે.

જે-તે વિષયનું પાયાનું જ્ઞાન મેળવ્યા સિવાય સીધું જ વિદ્યાર્થીઓને MCQની પ્રેક્ટિસ પર ચડાવી દેવામાં આવે છે, જેથી વિદ્યાર્થીની વિગતવાર મુદ્દાસર લખાણ લખવાની આવડત પર ભયંકર ક્ષતિ પહોંચી છે.

### પાવાગઢના માચીમાં દુર્ઘટના

# પાવાગઢમાં ઘુમ્મટ ધરાશાયી થતાં મહિલાનું નિધન, ૧૦ લોકો ઘાયલ

### આ બનાવની જાણ થતાં MLA જયદ્રથસિંહ પરમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો

પાવાગઢ, તા.૪

યાત્રાધામ પાવાગઢના માચી ખાતે દુર્ઘટના સર્જાઈ છે. અહીં પથ્થરથી બનાવેલો ઘુમ્મટ ધરાશાયી થતાં એક મહીલાનું મોત થયું છે. જ્યારે ૨ બાળકો અને ૩ મહિલાઓ સહિત ૧૦ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તો આ બનાવની જાણ થતાં MLA જયદ્રથસિંહ પરમાર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો

પ્રાપ્ત વિગતો અનુસાર, પાવાગઢના માચી ખાતે યાત્રાળુઓના વિશ્રામ માટે પથ્થરની કુટિર બનાવામાં આવી છે. ત્યારે આજે બપોરના સમયે વરસતા વરસાદથી બચવા કેટલાક યાત્રાળુઓ વિશ્રામ માટે અહીં રોકાયા હતા. આ સમયે અચાનક ઘુમ્મટ ધરાશાયી થયો હતો. ભારે ભરખમ પથ્થરો કેટલાક શ્રદ્ધાળુઓ પર પડ્યા હતા. આ દુર્ઘટના બાદ લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. જે બાદ સ્થાનિકો દ્વારા ભારેખમ પથ્થરો ઉઠાવી યાત્રિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ અંગેની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જે બાદ ઈજાગ્રસ્તોને ખાનગી વાહનો તથા ૧૦૮ મારફતે હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સરવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

આ દુર્ઘટનામાં એક મહિલાનું મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. તો ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે, ઈજાગ્રસ્તોમાં ૨ બાળકો અને ૩ મહિલાઓ પણ સામેલ છે. હાલ આ અંગેની જાણ થતા MLA જયદ્રથસિંહ પરમાર પણ ઘટના સ્થળે દોડી આવ્યા છે.

### ગુજરાતના ખેડૂતોને મોટી રાહત

# સરકારે માવઠાંથી થયેલ પાક નુકસાનીની સહાય જાહેર કરી

### રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૨,૬૦૦ પ્રતિ હેક્ટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૩૦,૬૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક મળી હતી. કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના રાજકોટ, જૂનાગઢ, બનાસકાંઠા, અરવલ્લી, તાપી, પાટણ, સાબરકાંઠા, સુરત, કચ્છ, અમરેલી, જામનગર, ભાવનગર અને અમદાવાદ એમ ૧૩ જિલ્લાના ૪૮ તાલુકામાં પાક નુકશાની અંગેનો અહેવાલ મળ્યો હતો. જેમાં વહીવટી તંત્રએ કરેલા આંકલન તેમજ ખેડૂતો, ખેડૂત સંગઠનો અને જન પ્રતિનિધિઓની રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના આધારે રાજ્ય સરકારે ખેડૂતોને મદદરૂપ થવા માટે SDRF ધોરણો ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય બજેટમાંથી ટોપ-અપ સહાય દરોમા અત્યાર સુધીનો સર્વોચ્ચ વધારો કરી વિશેષ રાહત જાહેર કરાઈ છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ઘઉં, ચણા, રાઈ, કેળ, પપૈયાં વગેરે જેવા ખેતી અને વર્ષાયું બાગાયતી પાકો માટે SDRFના ધારાધોરણો મુજબ પ્રતિ હેક્ટર રૂ.૧૩,૫૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી અત્યારસુધીની સૌથી વધુ એવી વધારાની રૂ.૯,૫૦૦ પ્રતિ હેક્ટર સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૨૩,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે આંબા, લીંબુ, જામફળ જેવા બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકશાનના કિસ્સામાં SDRFના નોર્મસ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૧૮,૦૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી રૂ.૧૨,૬૦૦ પ્રતિ હેક્ટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂ.૩૦,૬૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે. આ પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨ સહિતના જરૂરી સાધનિક પુરાવા સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે, તેમ તેમણે ઉમેર્યુ હતું.

### ત્રીજીવાર નેવી ઇન્ટેલિજન્સે કચ્છના દરિયામાંથી ડ્રગ્સ પકડયુ

# કચ્છના દરિયાકાંઠેથી ફરી એકવાર કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપાયુ

### પોલીસે ૩.૨૨ કિલો ગ્રામ MD ડ્રગ્સ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા

કચ્છ, તા.૪

એક મહિનામાં ત્રીજીવાર નેવી ઈન્ટેલિજન્સે કચ્છના દરિયામાંથી ડ્રગ્સ પકડી પાડ્યું છે. બીએસએફ સહિત નેવી ઈન્ટેલિજન્સની ટીમને મોટી સફળતા મળી છે. ત્યારે મળતી માહિતી પ્રમાણે, ૧.૭ કરોડની કિંમતનું ૧.૭ કિલો મેથેમફેટામાઈન ડ્રગ્સ પકડાયું છે. આ ડ્રગ્સ ૧ કિલોમાંથી ૨૦થી ૧૫ કિલો એમડી ડ્રગ્સ બને તેટલું સ્ટ્રોંગ હોય છે. આ ઉપરાંત ઉંઘ ન આવે તેની દવા બનાવવામાં આ ડ્રગ્સ વાપરવામાં આવે છે.

ત્રણ અઠવાડિયા પહેલાં કચ્છમાંથી મોટા પ્રમાણમાં MD ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. પૂર્વ કચ્છ SOGએ MD ડ્રગ્સ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ભચાઉ નજીક એક મહિલા અને એક યુવકની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે ૩.૨૨ કિલો ગ્રામ MD ડ્રગ્સ સાથે બે આરોપીને ઝડપી પાડ્યા હતા. આ ઉપરાંત પોલીસે ૫.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, વારંવાર કચ્છની સરહદથી ડ્રગ્સ મળતા તંત્ર પર સવાલો ઉભા થઈ રહ્યા છે.

૩૦ માર્ચ ૨૦૨૩ના દિવસે પણ કચ્છ જિલ્લાના માધાપર પાસ SOGએ બાતમીને આધારે મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

એસઓજી પોલીસે ૩૪.૨ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ ઝડપ્યું હતું. તેની કિંમત આશરે ૩.૪૨ લાખ રૂપિયા જેટલી થતી હતી. આ સાથે જ પોલીસે એક મહિલાને ઝડપી પાડી હતી. ત્યારે મહિલા રેશમા ક્રિષ્ના મંડલની પૂછપરછ કરતા તે પશ્ચિમ બંગાળની રહેવાસી છે. તેમજ માધાપર હાઈવે ઉપર રહે છે. ત્યારે મહિલા મુંબઈમાં બાંદ્રા ખાતેથી ખરીદી કરી ભુજ પરત આવી હતી.

### મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી

# CM ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજની તબિયતમાં સુધારો

### બ્રેઈન સ્ટ્રોકનાં કારણે અનુજ પટેલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, હાલ નિષ્ણાંત તબીબોની દેખરેખ હેઠળ અનુજ પટેલની સારવાર ચાલી રહી છે

અમદાવાદ, તા.૪

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં દિકરાની બ્રેઈન સ્ટ્રોક આવતા મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી. જે બાદ હાલ તેઓની તબિયત સુધારા પર છે. ત્યારે બ્રેઈન સ્ટ્રોકનાં કારણે અનુજ પટેલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ નિષ્ણાંત તબીબોની દેખરેખ હેઠળ અનુજ પટેલની સારવાર ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૩૦ એપ્રિલનાં રોજ અચાનક અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોકનો હુમલો આવ્યો હતો. જે બાદ તેઓને પ્રથમ સારવાર અર્થે કે.ડી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મુંબઈથી આવેલ ન્યુરો સર્જન દ્વારા તેઓની સર્જરી કરવામાં આવી હતી. ત્યારે તે સર્જરી બે કલાકથી વધુ સમય ચાલી હતી. જે બાદ અનુજ પટેલને બીજા દિવસે એર એમ્બ્યુલન્સ મારફતે મુંબઈની હિન્દુજા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સર્જરી કરવામાં આવી હતી. જે બાદ તેઓની હાલત હાલ સુધારા પર છે.

### હાઇકોર્ટમાં સરકારનું સોગંદનામું

# અમદાવાદીઓએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ ૮૦ કરોડનો દંડ ચૂકવ્યો

### શહેરમાં ૪૫૫ ટ્રાફિક પોઇન્ટ ઉભા કરાયા : શહેરમાં ૧૬ ટોઈંગ વાન કાર્યરત છે ૧૩૦ ટ્રાફિક જંકશન્સ પર સીસીટીવીથી નજર રખાઈ રહી છે

અમદાવાદ, તા.૪

અમદાવાદીઓએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૩ દરમ્યાન ૮૦ કરોડનો દંડ ચૂકવ્યો છે. જેમાં સરકારે હાઈકોર્ટમાં સોગંદનામું રજુ કર્યું છે. જેમાં ટ્રાફિક,પાર્કિંગ અને રખડતા ઢોરની સમસ્યા મુદ્દે રાજ્ય સરકારે આજે હાઈકોર્ટમાં સોગંદનામુ રજુ કર્યું હતું. જેમાં અમદાવાદ શહેરના ટ્રાફિક અને પાર્કિંગની પરિસ્થિતિ મુદ્દે કોર્ટમાં વિગતો મુકાઈ હતી. જેમાં પૂર્વ અને પશ્ચિમ એમ બે ઝોનમાં શહેરની વહેંચણી કરવામાં આવી હતી. આ બંને ઝોનના ટ્રાફિક મેનેજમેન્ટ માટે ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસને જવાબદારી સોંપાઈ છે.

જેમાં ગુજરાત સરકારે આજે જણાવ્યું હતું કે, શહેરમાં ૪૫૫ ટ્રાફિક પોઈન્ટ ઉભા કરાયા છે. શહેરમાં ૧૬ ટોઈંગ વાન કાર્યરત છે. ૧૩૦ ટ્રાફિક જંકશન્સ પર સીસીટીવીથી નજર રખાઈ રહી છે. અલગ અલગ પોઈન્ટ ઉપર સ્પીડ ગનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ઈશ્યુ થયેલા ઈ -ચલણની વિગતો પણ કોર્ટમાં મુકાઈ હતી. જ્યારે વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ સુધીમાં ૨૫૩૬૫૪૫ ઈ ચલણ ઈશ્યુ થયા હતા. તેમજ અમદાવાદીઓએ ટ્રાફિક નિયમોના ભંગ બદલ રૂપિયા ૮૦,૧૫,૨૨,૯૬૦ નો દંડ ચૂકવ્યો છે. જેમાં ગેરકાયદેસર પાર્કિંગના પહેલા ગુના માટે ૫૦૦ રૂપિયા દંડ, બીજા અને તે પછીના તમામ ગુનાઓ માટે ૧,૦૦૦ દંડ વસૂલવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૨ ૨૩ માં ગેરકાયદેસર પાર્કિંગના ૨૧,૬૫૦ કેસ નોંધાયા છે અને રૂપિયા ૧,૦૮,૫૪,૧૦૦ દંડ પેટે વસૂલાયા છે. જ્યારે ગેરકાયદેસર પાર્ક થયેલા વાહનોના ટોઈંગના ૭૭૯૩ કેસ નોંધાયા છે. ક્લેમ્પ ચાર્જ રૂપિયા ૩૬૧૩૫૦૦ વસૂલાયો છે. ગેરકાયદે પાર્કિંગ માટેનો ચાર્જ રૂપિયા ૧૭૮૦૭૦૦ વસુલાયો છે.

એક જાન્યુઆરી ૨૦૨૨ થી ૨૯ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં ૨૪૪૮૯ વાહનો નું ટોઈંગ કરાયું, જેમાં રૂપિયા ૧,૪૭,૦૫,૧૦૦ ટોઈંગ ચાર્જ અને ૫૨,૪૪,૫૦૦ પાર્કિંગ ચાર્જ વસૂલાયો છે. શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગ ની સમસ્યાના નિરાકરણ માટે વિશેષ સેલની રચના કરાઈ છે. જે શહેરની ટ્રાફિકની સ્થિતિનું મોનિટરિંગ કરશે. ઈ ચલણ ભરવા માટે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટ બની હોવાની વિગતો પણ કોર્ટ સમક્ષ રજૂ થઈ હતી.

### જયસુખ પટેલ જામીન માટે કરી રહ્યા છે ધમપછાડા

# મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસના ત્રણ આરોપીના હાઇકોર્ટે જામીન મંજૂર કર્યા

### આ કેસમાં પોલીસે ૧૦ લોકોની ધરપકડ કરી હતી. કોર્ટે ૩ આરોપીઓનાં જામીન મંજૂર કર્યા હતા

મોરબી, તા.૪, ગુજરાતના મોરબી ઝૂલતા પુલ દુર્ઘટના કેસના આરોપી અલ્પેશ ગોહિલ,દિલીપ ગોહિલ અને પ્રકાશ ચૌહાણના હાઈકોર્ટે નિયમિત જામીન મંજૂર કર્યા છે. જેમાં આરોપી દુર્ઘટના અગાઉ બ્રીજના સુરક્ષાકર્મી તરીકે ફરજ બજાવતા હતા. જેમાં તેમને મેનેજમેન્ટ સાથે સીધા કોઈ લેવાદેવા નહીં હોવાની હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. જેની સુનાવણી માટે હાઈકોર્ટે બંને આરોપીના નિયમિત જામીન મંજૂર કર્યા છે.ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે મોરબી બ્રિજ દુર્ઘટના કેસ મુદ્દે હાઈકોર્ટમાં રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલે જણાવ્યુ હતુ કે આ કેસને હાલ પુરતુ પૂર્ણ વિરામ આપવુ જોઈએ. મોરબી નગરપાલિકા અસક્ષમ હોવાથી સુપરસીડ કરાઈ હોવાનું તેમણે જણાવ્યુ હતુ. મોરબી કેબલ બ્રિજની નિર્માતા કંપનીએ અગાઉ વળતરની રકમ જમા કરાવી હતી અને બાકીની બેલેન્સ એમાઉન્ટ ૧૪.૬૨ કરોડ રૂપિયા આજે જમા કરાવી છે. બ્રિજ બનાવનાર કંપની ઓરેવા ગૃપે વચગાળાના વળતર માટે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કર્યા છે.ઓરેવા ગૃપે પણ ગુજરાત હાઈકોર્ટમાં જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરીમાં હાઈકોર્ટે કરેલા આદેશ મુજબ બ્રિજ દુર્ઘટનાના પીડિતોને વચગાળાના વળતર તરીકે ૧૪.૬૨ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. બ્રિજ બનાવનાર કંપની ઓરેવા ગૃપે આ રકમ બેલેન્સ એમાઉન્ટ, વચગાળાના વળતર પેટે જમા કર્યા છે. ગત વર્ષે ૩૦ ઓક્ટોબર મોરબીમાં ઝુલતો પુલ તૂટી પડ્યો હતો. જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા. કંપનીએ કાર્યકારી ચીફ જસ્ટિસ એ.જે. દેસાઈ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ડિવિઝન બેંચને જાણ કરી હતી કે તેમણે પીડિતોને વચગાળાની રાહત તરીકે ચુકવવા માટે ૧૪.૬૨ કરોડની સમગ્ર રકમ ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તામંડળમાં જમા કરી છે. જેમાં વળતરની સમાન રકમ બે હપ્તામાં જમા કરવામાં આવી હતી.

### મદદ કરનારા બે મિત્રોની પણ ધરપકડ

# રીલ બનાવવા માટે બાઈક ખરીદવા ૧૪ લાખની ચોરી

### ત્રણેય આરોપીઓ પાસેથી રોકડ રકમ અને મોબાઈલ સહિત કુલ સાત લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

અમદાવાદ, તા.૪

આજના યુવાનોને સોશિયલ મીડિયાનું વ્યસન થઈ ગયું છે. તેઓ એક કલાક તો દૂરની વાત પરંતુ ૧૫ મિનિટ પણ તેના વગર રહી શકતા નથી. ક્યારેક પોસ્ટ પર લાઈક્સ અથવા વ્યૂ વધારવા માટે તેઓ જીવ જોખમમાં નાખતા અચકાતા નથી અથવા સારી લાઈફસ્ટાઈલ જીવતા હોવાનો દેખાડો કરવા ચોરી પણ કરવા લાગે છે. શહેરના સેટેલાઈટ વિસ્તારમાં હાલમાં જ એક એવો કિસ્સો સામે આવ્યો હતો, જ્યાં ઈન્સ્ટાગ્રામ પર રીલ માટે બાઈક ખરીદવા ત્રણ શખ્સોએ ૧૪ લાખની ચોરી કરી હતી.

પોલીસે આ ત્રણેયની ધરપકડ કરી હતી. ત્રણમાંથી બે આરોપીઓ ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવવાના શોખીન હોવાથી મોંઘી બાઈક બૂક કરાવી હતી. પરંતુ પૈસા ન હોવાથી ચોરીનો પ્લાન ઘડ્યો હતો અને બાદમાં પોતાના વતન ડુંગરપુર ભાગી ગયા હતા. સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ચરણકૃપા સોસાયટીમાં રહેતા એક વૃદ્ધના ઘરમાંથી ત્રણેય શખ્યો ૧૪ લાખ રોકડા ભરેલી તિજોરી જ ઉઠાવી ગયા હતા. ફરિયાદ મળ્યા બાદ પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું હતું. જેમાંથી ચોરી કરવા આવેલા શખ્સમાંથી એક બાલકૃષ્ણ ઉર્ફે બાલુ ઉર્ફે કિશન હતો, જે પહેલા વૃદ્ધને ત્યાં ઘરઘાટી તરીકે કામ કરી ચૂક્યો હતો. જે બાદ પીઆઈ કે.વાય. વ્યાસે તેમની ટીમના ડી-સ્ટાફ પીએસઆઈ આર.પી. ડાભી અને ઝોન-૭ એલસીબીના પીએસઆઈ ડી.એ. રાઠોડને આરોપીઓના લોકેશન ટ્રેક કરી તેમના સુધી પહોંચવા માટે આદેશ આપ્યો હતો.

જ્યાંથી ચોરી કરી તેની આસપાસના વિસ્તારમાં આરોપીઓ આવવા હોવાની બાતમી પોલીસને મળી હતી. જે બાદ વોચ ગોઠવી બાલકૃષ્ણ ઉર્ફે બાલુ ઉર્ફે કિશન, ઈશ્વર રોત અને વિનોદ ઉર્ફે રોની મીણાની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પોલીસે ૬.૪૦ લાખ રોકડા અને ત્રણ ફોન સહિત કુલ ૬.૬૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ત્રણની સાથે અન્ય એક શખ્સ પણ હતો, જે પોલીસ પકડથી દૂર છે.

જેની પાસે ચોરીના સાત લાખ રૂપિયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કુલ ૧૪ લાખની ચોરી કર્યા બાદ ચારેય શખ્સ ડુંગરપુર ભાગી ગયા હતા, ત્યાંથી તેમણે બ્રાન્ડેડ કપડા અને જૂતા ખરીદ્યા હતા. ઝોન-૭ના ડીસીપી બી.યુ. જાડેજાએ જણાવ્યું હતું કે 'ચરણકૃપા સોસાયટીમાં બનેલી ચોરીની ઘટના અંગે પોલીસે તપાસ કરીને ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. તેમાંથી એક બાલકૃષ્ણ આ ઘરમાં પહેલા ઘરઘાટી તરીકે કામ કરતો હતો, જો કે તે સમયે તેનું વેરિફિકેશન કરાવ્યું નહોતું. આ ઘરમાં હજી પણ ત્રણ ઘરઘાટી છે અને તેનું વેરિફિકેશન પણ નથી કરાવ્યું. તેમની સાથે કાર્યવાહી કરવામાં આવશે. શહેર પોલીસ તરફથી સૌને અપીલ છે કે, પોલીસ વેરિફિકેશન કર્યા વગર કોઈ પણ ઘરઘાટીને ઘરમાં પ્રવેશ આપશો નહીં'.

### ખોટા દસ્તાવેજના આધારે બોગસ પેઢી ખોલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી

# સુરતમાં ૨૭૦૦ કરોડની GST ચોરીનો મુખ્ય આરોપી ઝડપાયો

### આ મામલે અત્યાર સુધી કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, કરોડોની GST ચોરી કઈ જગ્યાએ વાપરી તે બાબતે તપાસ ચાલુ છે

સુરત, તા.૪

દેશના સૌથી મોટા GST ચોરની સુરત ઈકો સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સુરત શહેર ઈકો સેલે સુફિયાન કાપડિયાની ધરપકડ કરી છે. સુફિયાનની ૨૭૦૦ કરોડની GST ચોરી મામલે ધરપકડ કરવામાં આવી છે. તેણે ખોટા દસ્તાવેજના આધારે બોગસ પેઢી ખોલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હતી. આ મામલે અત્યાર સુધી કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કરોડોની GST ચોરી કઈ જગ્યાએ વાપરી તે બાબતે તપાસ ચાલુ છે. GST ચોરીની શરૂઆત આ વ્યક્તિ કરી હતી.

ઓક્ટોબર ૨૦૨૨માં ઈકોસેલ દ્વારા જીએસટી વિભાગને સાથે રાખીને ગુજરાતમાં અલગ અલગ એકસાથે છ જગ્યા ઉપર દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૬ શહેરોમાં દરોડા પયા હતા. તે દરમિયાન એક સાથે ૧૪ જેટલા લોકોની ધરપકડ ઈકો સેલ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઈકો સેલ દ્વારા પકડાયેલા આરોપીઓની પૂછપરછ અને તપાસ દરમિયાન અન્ય ચાર આરોપીઓ સાથે કુલ ૧૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.ઈકો સેલ દ્વારા તપાસ કરતા સામે આવ્યું હતું કે, બોગસ જીએસટી બિલિંગ કૌભાંડમાં ૨,૭૦૦ કરોડ જેટલા ટ્રાન્જેકશન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખોટી રીતે ઉભી કરવામાં આવ્યું હોય તે પ્રકારની ૧૫૦૦ જેટલી કંપનીઓ પોલીસના ધ્યાને આવી હતી.

આ ૧૫૦૦ કંપનીઓની તપાસ કરતા સામે આવ્યુ હતુ કે, તેમાંથી ૧૩૦૦ જેટલી કંપનીઓ ગુજરાતમાં રજિસ્ટર કરવામાં આવી છે અને અન્ય ૨૫૦ કરતાં વધારે જે કંપનીઓ હતી. તે ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં રજિસ્ટર કરવામાં આવી હતી. આ તમામ કંપનીઓ સાથે મળીને કુલ ૨૭૦૦ કરોડ જેટલા ટ્રાન્જેકશન બોગસ બિલ્ડિંગમાં કરવામાં આવ્યા હોવાનું પોલીસના ધ્યાન પર આવ્યું હતું. ખોટી રીતે ૨૭૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્જેક્શન કરીને આરોપી દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી હતી. આ કૌભાંડના બે મુખ્ય સૂત્રધારો ઉસ્માન અને મૂર્શીદ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતાં. આ બંને આરોપી આખું કૌભાંડ ભાવનગર અને સુરતથી ઓપરેટ કરતા હતા.

ત્યારે બોગસ બીલિંગ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર સૂફીયાન પોલીસ પકડથી દૂર હતો, પરંતુ હવે સુફિયાનની પણ ધરપકડ ઈકો સેલ દ્વારા કરવામાં આવી છે.

સૂફીયાન કાપડિયાની વાત કરવામાં આવે તો પોલીસની તપાસ દરમિયાન કૌભાંડમાં જે સૌ પ્રથમ આઠ પેઢી બોગસ મળી આવી હતી, તે પેઢીઓની તપાસ કરતાં ૨૭ અન્ય બોગસ પેઢીઓ પણ મળી આવી હતી. આ ૨૭ પેઢીમાંથી ગણેશ એન્ટરપ્રાઈઝ અને ગોપી એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં આરોપીએ બોગસ બીલિંગ કર્યું હતું. આ ઉપરાંત આરોપીએ અમદાવાદમાં ટેક્સ કન્સલ્ટન્ટ તરીકેનું કામ કરતા ધર્મેશ ગાંધી સાથે મળીને ૯૦૦ કરોડ રૂપિયાના ફેક બીલિંગ જનરેટ કર્યા હતા. આ ઉપરાંત ઈકો સેલને એવી પણ માહિતી મળી છે કે, આરોપી સુફિયાન કાપડિયા દ્વારા સુરતમાં કેમિકલ અને સ્ક્રેપની કંપનીઓને પણ બોગસ બીલિંગ કરીને મોકલ્યા હતા.

### ટ્વિટ કરી આગમાં ઘી હોમવાનું કામ કર્યું

# કોહલી-ગંભીરનો ઝઘડો હવે સોશિયલ મીડિયા પર પહોંચ્યો

### લખનઉ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની વચ્ચે મેચ દરમ્યાન દિલ્હીના આ બંને ખેલાડી આમને-સામને આવી ગયા હતા

નવી દિલ્હી, તા.૪

વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર વચ્ચે મેદાન પર થયેલા બોલાચાલી બાદ શરુ થયેલા વિવાદ અટકવાનું નામ નથી લેતો. આ કિસ્સામાં હવે લખનઉ સુપર જાયંટ્સના મેંટર ગંભીર તરફથી વિરાટ પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. નામ લખ્યા વિના ગંભીરે ટ્વિટ પર કંઈક એવું લખ્યું છે, જેનાથી આ વિવાદની આગમાં ઘી હોમવાનું કામ કર્યુ છે. માનવામાં આવે છે કે, આ ટ્વિટમાં ગંભીરે ડીડીસીએના પૂર્વ અધ્યક્ષ પર આકરા પ્રહારો કરતા વિરાટને આડે હાથ લીધો છે. ગૌતમ ગંભીરનું આ ટ્વિટ અડધું હિન્દી અને અડધું અંગ્રેજીમાં છે.

ગંભીરે લખ્યું છે કે, જે વ્યક્તિ દિલ્હી ક્રિકેટથી બાગી ગયો તે હવે પ્રેશર બનાવી રહ્યો છે, એવું લાગે છે કે, તે ક્રિકેટ પ્રત્યે પોતાની ચિંતા વ્યક્ત કરતા પેડ પીઆર કરવામાં લાગેલા છે. આ જ કળિયુગ છે, જ્યાં ભાગેડૂ પોતાની અદાલત ચલાવે છે. લખનઉ સુપર જાયંટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની વચ્ચે મેચ દરમ્યાન દિલ્હીના આ બંને ખેલાડી આમને-સામને આવી ગયા હતા. ૧૦ વર્ષ બાદ બંને આવી રીતે મેદાન પર ઝઘડતા જોવા મળ્યા છે. આ કિસ્સામાં બીસીસીઆઈએ બંને પર કડક વલણ અપનાવતા બંનેની ૧૦૦ ટકા મેચ ફી કાપી લીધી છે.

આ વિવાદ વિરાટ કોહલી દ્વારા મેદાન પર નવીન ઉલ હક અને અમિત મિશ્રાને સ્લેઝ કરવાથી શરુ થયો હતો. આ મામલાએ ત્યારે વધારે ચગ્યો જ્યારે હેંડ શેક કરતી વખતે નવીને વિરાટને આ મુદ્દા હાથને જોરથી ઝટકો મારી છોડી દીધો હતો. ત્યાર બાદ કાઈલ મેયર્સ આ વિવાદમાં કુદી પડ્યો. જે બાદ વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર વચ્ચે બોલાચાલી થઈ હતી.

# અમરેલી ખાતે દિવ્યાંગ બાળકોનો 'છોટી સી આશા' કાર્યક્રમ યોજાયો



એડવાન્સ યુથ ડેવલોપમેન્ટ કાઉન્શીલ અમરેલી સંચાલિત 'સમન્વય' દિવ્યાંગજનો માટે તાલીમ અને પુનઃ વર્સન કેન્દ્ર અમરેલીનાં દિવ્યાંગ બાળકોનો વાર્ષિક ઉત્સવ છોટીસી આશા આર.કે. સાયનસ સ્કુલમાં યોજવામાં આવ્યો. જેમાં ઝુપડપટ્ટીનાં બાળકોનો પણ સમન્વય કરવામાં આવ્યો. દિવ્યાંગ બાળકો અને ઝુપડપટ્ટીનાં બાળકોને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડવાનાં ઉમદા અને અનુકરણીય પગલાથી તેમને સાથે રાખી ગુણવતાસભર અને સમાજને રાહ ચિંધનારો કાર્યક્રમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.બી.ખેર અને જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી સોલંકી, રોટરી કલબ ગીરનાં પ્રમુખ રાજયગુરૂભાઈ, લાયનસ કલબ રોયલનાં સેક્રેટરી રાકેશભાઈ નાકરાણી, બાળરોગ નિષ્ણાંત ડો.દવે, ડો.નિતીનભાઈ ત્રિવેદી, વ્યસન મુકિત નિષ્ણાંત ડો.ડબ્બાવાલા, સાયકિયાટ્રીસ્ટ ડો.ભાવીન, કરીયર કાઉન્શેલર લલાડીયા, કવી ઉમેશભાઈ જોષી, પરેશભાઈ મહેતા, પીયુષભાઈ જોટાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવાયો. પ્રાર્થના બાળકો દ્વારા રજુ કરવામાં આવી સંસ્થાનાં પ્રમુખ સોકતભાઈ ગાંગાણીએ સ્વાગત પ્રવચન કરેલ. દિવ્યાંગ બાળકો અને ઝુપડપટ્ટીનાં બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવેલ. સાથે વાંકીયા કલ્સ્ટરનાં બાળકો પણ પોતાની કૃતિ રજુ કરેલ કાર્યક્રમની થીમ છોટીસી આશા દિવ્યાંગ બાળકી કટકીયા જાનકીએ ડાન્સ કરી મહેમાનો એન આમંત્રિતોને મંત્રમુગ્ધ કર્યા. આર.કે. સાયન્સ સ્કુલનાં તન્વીરસર, શ્યામસર કાર્યક્રમ માટે હોલની વ્યવસ્થા ઉપરાંત હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા. ચલાલાથી ખાસ અશોકભાઈ જોષી તેમનાં ધર્મપત્ની સાથે હાજર રહી બાળકોને ભેટ આપેલ. જાણીતા જયોતિષાચાર્ય રોહીતભાઈ જીવાણી, શાખપુર શાળાનાં શિક્ષક પાર્થભાઈ તેરૈયા, નયનભાઈ દવે આશીષભાઈ ગણાત્રા તેમજ આમંત્રિત મહેમાનોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા. શ્રીમતી બીન્દુબેન ગીરીશભાઈ વેલીયાત દિવ્યાંગ બાળકો અને તેનાં શિક્ષકોને રોકડ પુરસ્કાર અને રાકેશભાઈ નાકરાણીએ કલરની કીટ આપી સન્માનીત કર્યા. કાર્યક્રમનાં અંતે સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર દિવ્યાંગ બાળકોનો ફેશન શો રજુ કરવામાં આવ્યો અને ઉપસ્થિત મહેમાનોએ દિવ્યાંગ બાળકો સાથે રેન્કપર કેટવોક કરી બધાને રોમાંચીત કરી દીધા. આભાર વિધી સંસ્થાનાં ઉપપ્રમુખ ગીરીશીભાઈ વેલીયાતે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવાં શેર એન્ડ કેર અમરેલીનાં મેમ્બરો સર્વ ધમેન્દ્ર જોષી, અનીલ પટેલ, મનસુર ગઢીયા, સંજય પંડયા, વિમલ સોલંકી, શરદભાઈ શુકલા ઉપરાંત સમન્વય સેન્ટરનાં સ્ટાફ તબ્બસુમ પરીમલ, રાધીકા અજાણી અને અસ્પાક જીયાણીએ જહેમત ઉઠાવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સ્પે. એજયુકેટર અને સમન્વયનાં સેન્ટરનાં સંચાલક રિયાઝ વેરસીયાએ કરેલ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૨૧૫ |
| ૩ | ઘઉં | ૩૬૦ | ૪૫૦ |
| ૪ | ચણા | ૮૧૧ | ૯૬૧ |
| ૫ | સફેદ ચણા | ૧૪૭૧ | ૧૪૭૧ |
| ૬ | ધાણા | ૧૧૨૫ | ૧૧૫૧ |
| ૭ | જીરૂ | ૪૦૦૦ | ૭૯૭૫ |
| ૮ | સોયાબીન | ૯૧૦ | ૯૧૦ |
| ૯ | શીંગ ફાડા | ૧૬૦૦ | ૧૬૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૯૫ | ૧૪૦૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૪૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૭૨૧ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૩૯૦ | ૧૭૨૫ |
| ૫ | તલ સફેદ | ૨૩૩૦ | ૩૪૨૯ |
| ૬ | તલ કાળા | ૨૨૯૦ | ૨૮૬૦ |
| ૭ | બાજરો | ૪૧૫ | ૫૧૩ |
| ૮ | જુવાર | ૫૯૬ | ૯૬૧ |
| ૯ | ઘઉં બંસી | ૬૭૮ | ૬૭૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૨ | ૫૫૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૫૭ |
| ૧૨ | મગ | ૧૫૨૧ | ૧૫૨૧ |
| ૧૩ | ચણા | ૭૪૯ | ૯૬૩ |
| ૧૪ | તુવેર | ૯૯૯ | ૧૫૩૭ |
| ૧૫ | કપાસ | ૧૦૯૦ | ૧૬૧૯ |
| ૧૬ | એરંડા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ૧૭ | જીરૂ | ૨૦૭૫ | ૮૪૩૪ |
| ૧૮ | રાયડો | ૯૪૦ | ૯૪૦ |
| ૧૯ | રાય | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૫૦ | ૧૫૧૦ |
| ૨૦ | ધાણી | ૧૦૩૦ | ૧૮૦૦ |
| ૨૧ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૨ | સોયાબીન | ૮૮૦ | ૧૦૦૭ |
| ૨૩ | સુવાદાણા | ૨૨૪૦ | ૨૩૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૬૨૭ |
| ૨ | ધાણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ૩ | ચણા | ૬૧૫ | ૯૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૩૬૦ | ૪૭૦ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૭ | સોયાબીન | ૯૧૧ | ૯૮૦ |
| ૮ | કાળા તલ | ૨૫૨૦ | ૨૫૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૩ | ૪૫૦ |
| ૧૦ | એરંડા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૧ | જીરૂ | ૮૩૦૦ | ૮૩૦૦ |
| ૧૨ | મગફળી | ૯૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૧૪ | રાય | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૧૫ | શીંગ ફાડા | ૧૧૨૫ | ૧૬૫૬ |
| ૧૬ | જુવાર | ૭૨૬ | ૭૨૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૩૩ | ૧૪૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૨૩૦ |
| ૩ | તલ કાળા | ૨૩૦૦ | ૨૮૦૦ |
| ૪ | જીરૂ | ૫૩૦૦ | ૮૬૫૧ |
| ૫ | કપાસ | ૧૪૫૦ | ૧૬૧૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૨૧ |
| ૮ | બાજરો | ૪૮૧ | ૫૩૬ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૮૫૧ |
| ૧૦ | મકાઈ | ૪૩૫ | ૬૦૪ |
| ૧૧ | મગ | ૧૭૦૪ | – |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૯૫૨ |
| ૧૩ | દેશી ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| ૧૪ | તુવેર | ૧૩૦૦ | ૧૫૪૧ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૮૫ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ''જનસેવા'' કેન્દ્ર નજીકથી**

અને વચેટિયાઓને દૂર કરવા જોઈએ તેવી માંગ જનતામાંથી ઉભી થઈ છે.

અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં બિનઅધિકૃત વ્યકિતઓને પ્રવેશવા પર મનાઈ ફરમાવતું જાહેરનામું કલેકટર ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેવી જ રીતે કલેકટર કચેરીનાં જનસેવા કેન્દ્ર સામે છવાયેલ વચેટિયાઓનાં હાટડા બંધ કરાવવા જરૂરી બનેલ છે. જેથી કરીને અભણ લોકો આર્થિક રીતે લૂંટાતા બચી શકે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં બિનઅધિકૃત–વચેટિયાઓનાં ત્રાસનાં કારણે આવા તત્વોને આરી.ટી.ઓ. કચેરીમાં પ્રવેશવા પર કલેકટર ધ્વારા એક જાહેરનામું પ્રસિધ્ધ કરી પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ હતો. ત્યારે અમરેલી કલેકટર કચેરીનાં જનસેવા કેન્દ્ર સામે જ અનેક વચેટિયાઓએ હાટડા માંડેલ છે. આવા તત્વો જનસેવામાં અહિ–તહિ આંટા ફેરા મારી અણસમજ–અભણ અરજદારોને શિકાર બનાવી અરજી લખવા આર્થિક રીતે લૂંટતા હોવાની ફરિયાદો ઉઠવા પામેલ છે. અભણ લોકો પાસેથી અરજી લખવા મોટી રકમ આવા તત્વો પડાવતા હોવાની ઉઠેલી ફરિયાદ અંગે કલેકટર ધ્વારા જનસેવા કેન્દ્ર સામે હાટડા ખોલીને બેઠા આવા શખ્સો સામાન્ય ફી વસુલી અરજી લખવા અંગે કલેકટર ધ્વારા ગાઈડલાઈન પ્રસિધ્ધ કરવા માંગણી ઉઠેલ છે. જેથી કરીને આવા લેભાગુ તત્વો અરજી ઈખવાની વધુ રકમ પડાવી ન શકે. ખુદ કલેકટર કચેરીમાં જ આવા તત્વોએ અડીંગો જમાવેલ હોય. જે અંગે એક જાહેરનામું પ્રસિધ્ધ કરવા અરજદારોમાંથી માંગણી ઉઠેલ હતી. આ અંગે વરસડા ગામનાં સરપંચ ધ્વારા અગાઉ પણ રજૂઆત કરાયેલ હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૬૫૦ |
| ૨ | મગફળી | ૧૬૬૫ | ૧૩૪૫ |
| ૩ | જીરૂ | ૪૯૯૦ | ૮૧૦૦ |
| ૪ | ઘઉં | ૩૯૨ | ૪૩૮ |
| ૫ | ચણા | ૯૫૩ | ૯૭૭ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૦૦ | ૫૭૧ |
| ૨ | જુવાર | ૪૦૫ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૪૬૭ |
| ૪ | વટાણા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૫ | ધાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૬ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૭ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૬૫૦ | ૯૬૧ |
| ૯ | સોયાબીન | ૯૬૧ | ૯૬૧ |
| ૧૦ | શીંગ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૧ | તલ સફેદ | ૨૯૫૦ | ૩૧૭૨ |
| ૧૨ | કપાસ | ૧૪૦૦ | ૧૬૨૦ |

## સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ દ્વારા ટીંબી ખાતે નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્રનો થયો પ્રારંભ

### ૪૦૦ જેટલા પરિવારજનો લાભ મેળવશે



અમરેલી, તા. ૪

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ આયોજીત ટીંબી ગામ તથા આજુબાજુનાં ગામોનાં જરૂરિયાતમંદ લોકો માટે પૃથ્વી ઉપરનું અમૃત એવા છાશ કેન્દ્ર માટે છેલ્લા આઠ વર્ષથી અનુદાન આપનાર સુરત સ્થિત ઉદારદિલ દાતા ડુંગરશીભાઈ સવાણી (હળિયાદ), અંકિતભાઈ(ઝીઝાવદર), વિજયભાઈ (અનીડા) અને ઠાકરશીભાઈ (હળીયાદ)નાં સંપૂર્ણ આર્થિક સહયોગથી આ વર્ષે પણ તા. ૩/૫/૨૩ થી ''નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્ર''નો શુભારંભ સ્થાનિક ટ્રસ્ટીઓ, ડોકટરમિત્રો, હોસ્પિટલ સ્ટાફ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં નિર્દોષાનંદ ગૌશાળામાં કરવામાં આવેલ છે. આ છાશ વિતરણ કેન્દ્ર શરૂ થવાથી આજુબાજુનાં જરૂરિયાતમંદ અંદાજીત ૪૦૦ જેટલા પરિવારજનોને નિઃશુલ્ક છાશનો લાભ મેળવશે.

સંકુલ KG થી ધો. ૫ ગુજરાતી મિડીયમ મિશ્ર સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૬ થી ૧૦ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૬ થી ૧૦ ગુજરાતી મિડીયમ બોયઝ સ્કૂલ પ્રવેશ
★ ગુજરાતી મિડીયમ મિશ્ર સ્કૂલ માં બોયઝ ગર્લ્સ પ્રવેશ ચાલુ – ગર્લ્સ સ્કૂલ માં ગર્લ્સ પ્રવેશ ચાલુ – બોયઝ સ્કૂલ માં બોયઝ પ્રવેશ ચાલુ
★ સ્થાનિક બોયઝ ને પ્રવેશ – બોયઝ સ્કૂલ બાયપાસ ગેઈટ નં.–૩ ન્યુ બિલ્ડીંગ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન
હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ... રોડ, અમરેલી ★ ફોનઃ ... Ad021

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૭૦૦ | ૯૫૦ |
| ૩ | ઘઉં | ૪૧૬ | ૬૨૨ |

# વડિયાનાં સ્વામીનારાયણ દિવ્યધામમાં ૧૯માં પાટોત્સવની ઉજવણી



શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ વડીયામાં ૧૯માં વાર્ષિક પાટોત્સવ ઉજવાયો, ભગવાન શ્રી સ્વામિનારાયણની પાદરજથી પાવન ધરા, વડીયા, સુરવોનદીને કિનારે દિવ્યધામમાં બિરાજમાન શ્રી ધનશ્યામ મહારાજનો ૧૯ માં વાર્ષિક પાટોત્સવ પ.પૂ.સ.માનત સ્વામી, શ્રી રામકૃષ્ણ દાસજીની પ્રેરણાથી ઉજવાયો હતો. પાટોત્સવ અંતર્ગત ત્રણ દિવસ શ્રી હરિનાં ચરિત્રોની કથાનું વાંચન શા.સ્વા.પ્રેમ સ્વરૂપદાસજીએ કર્યુ હતું. કો.સ્વા, બાલસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રીમતિ કૈલાશબેન ઘનશ્યામભાઈ કાળુભાઈ ગેડીયા, ચલાલાએ પાટોત્સવનું યજમાન પદસ્વી કાર્યૂ હતું. શ્રી ઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક, અન્નહોર અને સત્સંગ સભામાં શા.સ્વા. આનંદ સ્વરૂપદાસજીના સંત્સંગનો લાભ લીધો હતો. શા.સ્વા.નિલકંઠ સ્વરૂપદાસજીએ સભા સંચાલન કર્યુ હતું. ગામ તથા આજુબાજુનાં પ્રદેશમાંથી હજારો હરિભકતોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. સ્વયં સેવકોએ ખુબ એવા બજાવી હતી. આમ કો.સ્વા. હરિકૃષ્ણ દાસજીએ એક યાદીમાં જણાવ્યું છે.




















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)